કેસ રજુ તા.:૦૨/૦૮/૨૦૨૩.
કેસ દાખલ તા.:૦૨/૦૮/૨૦૨૩.
કેસ ફૈંસલ તા.:૦૯/૧૧/૨૦૨૩.
અવધિ :–વર્ષ. માસ. દિવસ.
૦૦ ૦૩ ૦૭

**મે. પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ. પાલિતાણા.**

**એચ.એમ.પી. નં.–૧૨/૨૦૨૩.**

આંક–૧૭

(૧) ભરતકુમાર ફરસુરામ રામાનંદી.
ઉ.વ.આ.–૫૬, ધંધો–મજુરી,
રહે. ધોળકા, ઠે. ગુજરાત હાઉસીંગ બોર્ડ,
૧૨/૭૩, મધીયા નવા બસ સ્ટેન્ડ, જિ:અમદાવાદ.

(૨) પુષ્પાબેન ભરતકુમાર રામાનંદી,
તે શિવરામદાસ દેવમુરારીની પુત્રી.
ઉ.વ.આ.–૫૦, ધંધો–ઘરકામ,
રહે. મોખડકા, તા:પાલિતાણા, જિ:ભાવનગર.

***.....અરજદારો.***

***અરજી:–હિન્દુ મેરેજ એકટની કલમ–૧૩(બી) અન્વયે સંમતિથી છુટ્ટાછેડા મેળવવા અંગે...***

---

*અરજદારો તરફે :–વિ.વ. શ્રી એ.બી.જોષી.*

---

**–: ઠ રા વ :–**

**(૧)** અરજદારોએ સદર અરજી હિન્દુ મેરેજ અધિનિયમ, ૧૯૫૫ની કલમ–૧૩(બી) મુજબ કરીને, તા.૩૦/૪/૧૯૯૩ના રોજ તેઓના થયેલ લગ્નના વિચ્છેદનું હુકમનામુ મેળવવા વિનંતી કરી છે.

(૨) અરજદારોની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે,

તેમના લગ્ન તા.૩૦/૪/૧૯૯૩ના રોજ હિન્દુ–શાસ્ત્રોકત વિધિ તેમજ જ્ઞાતિના રીત–રિવાજ મુજબ મોખડકા, તાઃપાલિતાણા મુકામે થયેલા અને સદર લગ્નજીવન થકી તેઓને એક બાળક ધૃમન, હાલ ઉ.વ.–૨૨નો જન્મ થયેલ, જે છેલ્લા ૧૦ વર્ષથી અરજદાર નં.–૨ સાથે રહે છે, જેના ભરણપોષણની જવાબદારી તેઓની અંગત છે, તે અંગે ભવિષ્યમાં અરજદાર નં.–૧ની કોઈપણ જવાબદારી રહેતી નથી કે, અરજદાર નં.–૧ની મિલ્કતમાં કયારેય કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો કે અધિકાર અરજદાર નં.–૨ કે પુત્ર ધૃમન વડે ભવિષ્યમાં પણ માંગવાનો નથી. વધુમાં, પક્ષકારો વચ્ચે છેલ્લા ઘણા સમયથી મતભેદ અને મનદુઃખ હોય, ઉંમરનો તફાવત, સ્વભાવ, રહેણી–કરણી અને જીવનદૃષ્ટી એકબીજાથી અલગ હોય, પક્ષકારોના લગ્નજીવન માં સુમેળ સાધી શકાય તેમ ન હોઇ, લગ્નજીવનનો અંત લાવવા અરજદારોએ તા.૧/૭/૨૦૨૩ના રોજ રૂ.૩૦૦/–ના સ્ટેમ્પ–પેપર પર એડવોકેટશ્રી રૂબરૂ છુટ્ટાછેડાનો કરાર નોટરાઇઝડ કરાવેલ અને અરજદાર નં.–૧નાએ અરજદાર નં.–૨(પુત્ર ધૃમન)ના કાયમી ભરણપોષણ પેટે

રૂ.૧૧,૦૦,૦૦૦/–ચૂકવેલ, જે અરજદાર નં.–૨નાએ સ્વીકારી લીધેલ છે. અરજદારોએ તેમની અરજીમાં વધુમાં જણાવેલ છે કે તેમના પતિ–પત્નીના સંબંધોના કારણે જે કાંઈ દર–દાગીનાની તેમના વચ્ચે આપ–લે થયેલ, તેનો હિસાબ–સમજણ થઈ ગયેલ છે અને તે સિવાય તમામ કરીયાવરની અરસ–પરસ લેતી–દેતી થઈ ગયેલ છે તેમજ અરજદાર નં.–૨નાએ અરજદાર નં.–૧ પાસેથી તેણીનો ભુત, ભવિષ્ય અને વર્તમાનમાં તમામ પ્રકારનો ખોરાકી–પોષાકી કે,

ભરણપોષણ મેળવવાનો હક્ક કાયમ માટે જતો કરેલ તેમજ અરજદારો એ સ્થાવર–જંગમ મિલકતના હક્ક–હિત, અધિકાર કાયમી રીતે અરસ–પરસ જતા કરેલા છે. આમ અરજદારોનું લગ્નજીવન આગળ ચાલી શકે તેમ ન હોઇ, અરજદારોએ સદર અરજી પરસ્પર સં મતિથી લગ્નવિચ્છેદનું હુકમનામુ મેળવવા કરી છે.

(૨) અરજીના ન્યાય–નિર્ણય માટે આંક–૬થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલા છે :–

## –: મુ દ્દા ઓ :–

*(૧) શું અરજદારો સાબિત કરે છે કે, તેમના લગ્ન તા.૩૦/૪/૧૯૯૩ના રોજ થયેલા તેમજ બન્ને પક્ષકારો વચ્ચે તા.૧/૭/૨૦૨૩ના રોજ થયેલ છુટ્ટાછેડાના નોટરાઇઝ્ડ દસ્તાવેજ અન્વયે, તેઓ લગ્ન–વિચ્છેદ અંગેનું હુકમનામુ મેળવવા હક્કદાર છે ?*

*(૨) શું હુકમ અને શું હુકમનામુ ?*

(૩) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે :–

*(૧) હકારાત્મક.*

*(૨) આખરી હુકમ મુજબ.*

અરજદારોના વિ.વ.શ્રીને સાંભળ્યા.

## –: કા ર ણો :–

(૪) ***મુદ્દા નંબર–૧ :–***

અરજદાર નં.–૧નાએ આ કામે તેમનું સોગંદનામુ આંક–૭થી રજુ કરેલ છે તથા અરજદાર નં.–૨નાએ તેમનું સોગંદનામુ આંક–૮થી રજુ કરેલ છે. અરજદારોએ તેમના સોગંદનામામાં અરજીમાં જણાવેલ તમામ વિગતોને સમર્થન આપેલ છે. વધુમાં, અરજદારો તરફે આંક–૪ના

ડી.ઇ.લિસ્ટથી અરજદાર નં.–૧નું ફોટો આઇ.ડી.(આંક–૧૦), અરજદાર નં.–૨નું ફોટો આઇ.ડી.(આંક–૧૧), પક્ષકારોના લગ્નના ફોટોગ્રાફસ(આંક–૧૨), લગ્ન કંકોત્રી(આંક–૧૩), છુટ્ટાછેડાનો દસ્તાવેજ(આંક–૧૪) તેમજ અરજદાર નં.–૧નાએ તા.૧/૭/૨૦૨૩ના રોજ અરજદાર નં.–૨ને ચૂકવેલ ભરણપોષણની રકમના બે ડી.ડી.(આંક–૧૫) રજુ થયેલ છે તેમજ આંક–૧૬થી અરજદારો તરફે વિશેષ પુરાવો આપવો નથી તે બાબતે કલોઝીગ પુરસીસ રજુ થયેલ છે.

**(૫)** સદર કામે રજુ થયેલ પુરાવા પરથી અરજદારોના લગ્ન તા.૩૦/૪/૧૯૯૩ના રોજ મોખડકા, તાઃપાલિતાણા મુકામે થયેલા, પરંતુ તેઓનો સ્વભાવ, રહેણી–કરણી અને જીવન દૃષ્ટી એકબીજાથી અલગ હોય, તેઓના લગ્નજીવનમાં સુમેળ સાધી શકાય તેમ ન હોઇ, લગ્નજીવનનો અંત લાવવા અરજદારોએ તા.૧/૭/૨૦૨૩ના રોજ રાજીખુશીથી કોઈપણ જાતના દાબ–દબાણ વગર રૂ.૩૦૦/–ના સ્ટેમ્પ–પેપર ઉપર એડવોકેટશ્રી રૂબરૂ છુટ્ટાછેડાનો કરાર નોટરાઇઝડ કરાવેલ, જેની ખરીનકલ આંક–૧૪થી રજુ રાખેલ છે. વળી, અરજદારોના કુટુંબીજનોએ સમાધાન માટેના અનેક પ્રયત્નો કરવા છતાં અરજદારો વચ્ચે સમાધાન થયેલ નહીં. વધુમાં, આંક–૧૪થી રજુ છુટ્ટાછેડાનો કરાર ધ્યાને લેતા, અરજદારો વચ્ચે છુટ્ટાછેડા થઈ ગયેલ હોય અને તેઓ અરજદારો તા.૧/૭/૨૦૨૩ પહેલાના સમયગાળાથી અલગ રહેતા હોઇ, આંક–૫થી અરજદારો તરફે રજુ છ માસનો કુલીગ પિરીયડ વેવ કરવાની અરજી મંજુર કરવામાં આવેલ. આ સંજોગોમાં, હિન્દુ મેરેજ અધિનિયમની કલમ–૧૩(બી) પરસ્પર સંમતિથી છુટ્ટાછેડા મેળવવા માટે હોય તેમજ અરજદારોનું

લગ્નજીવન આગળ ચાલી શકે તેમ ન હોઇ, અરજદારો લગ્નના વિચ્છેદનું હુકમનામુ મેળવવા હક્કદાર બને છે. આમ, અરજદારો મુદ્દા નંબર–૧ તથા ર પુરવાર કરતા હોઇ, તેનો નિર્ણય હકારાત્મક આપવામાં આવે છે.

**(૬)** હિન્દુ મેરેજ અધિનિયમની કલમ–૧૩(બી)ની જોગવાઈઓ, રેકર્ડ પરનો ઉપલબ્ધ પુરાવો તથા મુદ્દા નંબર–૧ તથા રના નિર્ણયને આધીન અત્રેની અદાલત દ્વારા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુ ક મ :–**

અરજદારોની સદર અરજી **''મંજુર''** કરવામાં આવે છે.

વધુમાં અરજદારોના તા.૩૦/૪/૧૯૯૩ના રોજ થયેલા લગ્નના વિચ્છેદનો આથી, હુકમ કરવામાં આવે છે.

હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તારીખ–૯, માહે–નવેમ્બર, સને–૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી –સંભળાવી, જાહેર કર્યો.

સ્થળઃપાલિતાણા.

**(મેહુલ યોગેશભાઈ વ્યાસ)**
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ–પાલિતાણા.
(કોડ નં.–જી.જે.૦૧૦૯૨).

એચ.બી.જોષી(પી.એ.).